નાટકીય. અત્યારે હું ત્યાં આગળ આવું, બેસવા તમારે ત્યાં, તે મારે માટે તમે જગ્યા કરી હોય ત્યાં હું બેસું. પણ એથી કરીને અમને એ ગમે છે તેવું નથી. આ મૂળ ત્યાં જ ગમે છે અમને અને પછી કોઈ કહેશે, 'ના, અહીં નહીં બેસવાનું', તો વાંધો નથી અમને.

**પ્રશ્નકર્તા :** તો એ એમાં વીતરાગ રહ્યા બરાબર છે ?

**દાદાશ્રી :** એટલે એને લાઈક-ડિસ્લાઈક કહે છે. આને રાગ-દ્વેષ નથી કહેતા, લાઈક-ડિસ્લાઈક.

**પ્રશ્નકર્તા :** બરાબર દાદા, પણ જે ગમો-અણગમો, જેમાં થોડું તન્મયાકારપણું હોય છે.

**દાદાશ્રી :** ગમો-અણગમો વિવેક ઉપર જાય છે.

**પ્રશ્નકર્તા :** હા, વિવેક ઉપર જાય ત્યાં સુધી બરાબર છે, ત્યાં સુધી રાગ-દ્વેષ નથી. પણ ગમા-અણગમામાં જે થોડું તન્મયાકારપણું થાય છે...

**દાદાશ્રી :** થાય, તન્મયાકાર થાય.

**પ્રશ્નકર્તા :** એટલે ત્યાં ભલે થોડા મંદ પણ રાગ-દ્વેષ થયા ને ?

**દાદાશ્રી :** રાગ-દ્વેષ શબ્દ જ ના હોય. રાગ-દ્વેષ ક્યારે કહેવાય કે 'હું પોતે જ છું ચંદુલાલ' ને 'એ જ છું' એમ ડિસીઝન (નિર્ણય) આ પાછું આવી જાય, મૂળ આવી જાય અને આજ્ઞા ના પાળતો હોય ત્યારે રાગ-દ્વેષ કહેવાય. રાગ-દ્વેષ એ પોતે કર્મ કહેવાય. આને (જ્ઞાન પામેલાને) કર્મ બંધાય નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** ગમે તેવા રાગ-દ્વેષ છે એવું દેખાય ખરું પણ જીવંત નથી એ, એ અજીવ ભાગ છે. પેલા રાગ-દ્વેષ અને આના રાગ-દ્વેષમાં ફેરફાર ના હોય એવું લાગે પણ આ અજીવ ભાગ છે.

**પ્રશ્નકર્તા :** તો દાદા, ગમો-અણગમો અને રાગ-દ્વેષ એમાં કેવો તફાવત છે ?

**દાદાશ્રી :** ગમો-અણગમો તો રતિ-અરતિ જેવી વાત, લાઈક એન્ડ ડિસ્લાઈક જેવું.

**પ્રશ્નકર્તા :** લાઈક હોય ત્યારે ? રાગ હોય ત્યારે લાઈક હોય ને ?

**દાદાશ્રી :** એનો સવાલ જ નહીં, લાઈક-ડિસ્લાઈકનો વાંધો નહીં. પણ રાગ એટલે શું ? આ ગમામાં આત્મા ભળે તો રાગ કહેવાય ને આત્મા ના ભળે તો રાગ ના કહેવાય. અને અણગમો થાય પણ આત્મા ભળે તો દ્વેષ કહેવાય ને અણગમો થાય ત્યાં આત્મા ભળે નહીં ને જાણે તો દ્વેષ ના કહેવાય. આ ગમો-અણગમો એને ભગવાને રાગ-દ્વેષ નથી કહ્યા, રતિ-અરતિ કહ્યું. આ રતિ-અરતિ એ તો નો કષાય છે, એનો વાંધો નથી. ભગવાને રાગ-દ્વેષનો વાંધો કહ્યો.

## રાગ-દ્વેષનો નિકાલ થયે ઉકેલ આવશે

રાગ-દ્વેષ થાય છે ?

**પ્રશ્નકર્તા :** રાગ-દ્વેષ થાય તો ખરા જ ને !

**દાદાશ્રી :** તો રાગ-દ્વેષ બંધ થવાનું કોઈ સાધન હશે ને ?

**પ્રશ્નકર્તા :** ખરી સમજણ મળવી જોઈએ.

**દાદાશ્રી :** દ્વેષ બંધ થાય તો સારું કે રાગ બંધ થાય તો સારું ?

**પ્રશ્નકર્તા :** દ્વેષ તો સમજ્યા, રાગનો અર્થ શું થાય છે ? દ્વેષ એટલે ઈર્ષા, કોઈના માટે વેર-ઝેર.

**દાદાશ્રી :** ઈર્ષા, તિરસ્કાર, અભાવ, અણગમો

